પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૭૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૭-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ ૨૦ વર્ષમાં પહેલીવાર સૌથી વધુ વરસાદ પડ્યો, છોટા ઉદેપુર, વલસાડમાં અનેક ગામો ડૂબ્યાં

### નવસારી અને વલસાડ જિલ્લામાંથી અનેક લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.



વલસાડ,

દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ ને કારણે કેટલીક નદીઓના જળસ્તરમાં વધારો થયો છે અને વિવિધ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. નવસારી અને વલસાડ જિલ્લામાંથી અનેક લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓરસંગ નદીના પાણીના સ્તરમાં વધારો થતાં વલસાડના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કાવેરી અને અંબિકા નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી હોવાથી નવસારી જિલ્લાના અધિકારીઓ પણ એલર્ટ પર છે.

૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૧૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે વરસાદ છોટાઉદેપુરના બોડેલી તાલુકામાં ૨૨ ઈંચ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ તાલુકામાં આઠ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. ૩૦ તાલુકા એવા છે જેમાં ચાર ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. ૧૧૭ તાલુકામાં એક ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લાની વાત કરવામાં આવે તો ઔરંગા નદી લોકો માટે આફત બની છે. કારણ કે નદીના નીચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે. લોકોનાં ઘરોમાં વરસાદના પાણી ઘૂસી ગયા છે. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ઔરંગા નદી ગાંડીતુર બની છે. નદીનો પ્રવાહ વધતા છીપવાડ વિસ્તારમાં પાણી ઘૂસી ગયા છે. મુખ્ય બજારમાં નદીના પાણીન પ્રવાહ વહી રહ્યો છે. નદીનું સ્તર વધતા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. બીજી તરફ સોસાયટીમાં રહેતા લોકો ધાબા પર રહેવા માટે મજબૂર બન્યા છે. કશ્મીરનગર, બરૂડિયા વાડ, લીલાપોર વિસ્તારમાં પાણી ભરાયા છે. બીજી તરફ મુખ્ય બજારમાં પાણી ફરી વળતા વેપારીઓને કરોડનું નુકસાન થયું છે. એક અંદાજ પ્રમાણે અમુક વિસ્તારોમાં ૧૦ ફૂટ સુધી પાણી ઘૂસી ગયા છે. છીપવાડ વિસ્તારની સ્થિતિ વધુ ગંભીર બની છે. દાણા બજારના વેપારીઓને અચાનક પાણી આવતા પોતાનો સામાન બહાર કાઢવાની પણ તક મળી નથી. અનાજના હોલસેલ વેપારીઓને કરોડોનું નુકસાન થયું છે. હાલ કુદરતના કહેર સામે તેઓ સરેન્ડર છે. માત્ર પાણી ઉતરે તેની રાહ જોઈ રહ્યા છે.

ઔરંગા નદીમાં આવેલા પૂરને લઈને પૂરના પાણી વલસાડ શહેરની ગ્રીનપાર્ક સોસાયટીમાં પ્રવેશ્યા છે. પૂરના પાણીને લઈને સ્થાનિકોએ પોતાની માલ સામાન ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે.વલસાડ જિલ્લાના કપરાડામાં બારે મેઘ ખાંગા થયો છે. અહીં સતત ભારે વરસાદને કારણે તમામ નદી નાળાઓમાં પૂરની પરિસ્થિતિ જોવા મળી છે. કોલક અને પાર નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. નદી કિનારાના કેટલાક ઘરોમાં પણ પાણી ઘૂસ્યા છે. કપરાડા વિસ્તારમાં નદી નાળાઓ ઉપર આવેલા લો લેવલ કોઝવે અને નાના પુલ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ ઉપરાંત અનેક ગામો સંપર્ક વિહોણા બની ગયા છે.

વલસાડ અને નવસારી જિલ્લામાં શનિવારે રાત્રે અને રવિવારે સવારે ખૂબ જ ભારે વરસાદ થયો હતો, છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં પણ ભારે વરસાદ થયો છે, જેના કારણે નદીઓ વહેતી થઈ છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ભારતીય હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં બે દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે ૩૮૮ રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી છે અને ત્રણ હજારથી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. માહિતીખાતા અનુસાર, છોટાઉદેપુરમાંથી ૪૦૦, નવસારીમાંથી ૫૫૦ અને વલસાડમાંથી ૪૭૦ લોકોને રાહતકાર્યની ટીમો દ્વારા બચાવીને સુરક્ષિતસ્થળોએ ખસેડવામાં આવ્યા છે. સ્કાયમેટ વેધરના અહેવાલ પ્રમાણે, ૧ જૂનથી ૯ જુલાઈ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૫૯ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. રાજ્યમાં અત્યાર સુધી ચોમાસું 'સામાન્ય' શ્રેણીમાં છે.દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં પડેલા ભારે વરસાદને લીધે દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં કપરી પરિસ્થિતિની નિર્માણ થયું છે.

## રાજ્યના ૧૩ જળાશયો હાઈ એલર્ટ પર, ૭ જળાશયો એલર્ટ અને ૭ જળાશયોમાં સામાન્ય ચેતવણી

ગાંધીનગર,

રાજ્યમાં છેલ્લાં ચારેક દિવસથી વરસી રહેલા સાર્વત્રિક વરસાદને પરિણામે રાજ્યના ૨૦૭ જેટલી યોજનાઓમાં તા. ૧૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ ૪૦.૨૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. સરદાર સરોવર જળાશયમાં ૧,૫૧,૫૮૬ એમસીએફટી પાણીનો જળસંગ્રહ થયો છે. જે કુલ સંગ્રશક્તિના ૪૫.૩૭ ટકા છે. રાજ્યના ૨૦૬ જેટલા જળાશયોમાં ૨,૨૪,૨૮૭ એમસીએફટી જળસંગ્રહ થયો છે.

પાણી પુરવઠા વિભાગના ફ્લડ સેલ દ્વારા જણાવ્યાનુસાર ૧૧ જળાશયો ૧૦૦ ટકા કે તેથી વધુ, ૧૮ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦ ટકાથી ૭૦ ટકા (સરદાર સરોવર સહિત), ૧૦૧ જળાશયોમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ થયો છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫, મધ્ય ગુજરાતના ૧૭, દક્ષિણ ગુજરાતના ૧૩, કચ્છના ૨૦ અને સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં થયેલ વરસાદને પરિણામે ૧૦૦ ટકાથી વધુ જળસંગ્રહ ધરાવતા ૧૧ જળાશયો તેમજ ૯૦ થી ૧૦૦ ટકાના જળસંગ્રહ ધરાવતા બે જળાશયો મળી કુલ ૧૩ જળાશયો હાઈએલર્ટ ઉપર, ૮૦ થી ૯૦ ટકા જળસંગ્રહ સાથે ૮ જળાશયો એલર્ટ પર તથા ૭૦ થી ૮૦ ટકા ભરાયેલા ૭ જળાશયો માટે સામાન્ય ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગની માહિતી પ્રમાણે ૧૨ જુલાઈએ દક્ષિણ ગુજરાતના છોડાઉદેપુર, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આ સિવાય સુરત, તાપી, ભરૂચ, વડોદરા, દમણ, દાદરા નગર હવેલી, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વલસાડ, મહિસાગર, સાબરકાંઠા, મહેસાણા, તો સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદરમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ડાંગ, નવસારી, વલસાદ, દાદરા નગર હવેલી, તાપી અને સુરત જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગર, આ સિવાય ખેડા, ભરૂચ, અમદાવાદ, નર્મદા, આણંદમાં પણ ભારે વરસાદની આગાહી છે. ગીર સોમનાથ અને જૂનાગઢમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

## ગુજરાતમાં ફેક આઈપીએલ નેટવર્કનો ભાંડાફોડ, મહેસાણામાંથી ૪ લોકોની ધરપકડ

મહેસાણા,

વડનગરના મોલીપુર ગામ ખાતે ઈન્ડિયન પ્રીમિયર લીગ(આઈપીએલ)ની માફક ચાલી રહેલી એક નકલી ક્રિકેટ લીગનો ભાંડાફોડ થયો છે. આ સમગ્ર કૌભાંડનું રશિયાથી સંચાલન થઈ રહ્યું હતું અને એક નકલી ક્રિકેટ લીગ, નકલી મેદાન, નકલી ક્રિકેટર તથા નકલી કોમેન્ટેટર પર અસલી સટ્ટો રમવાની ફિલ્મી કહાની ચાલી રહી હતી.

રશિયામાં બેઠેલી એક વ્યક્તિના ઈશારા પર ચાલી રહેલા આ સમગ્ર કૌભાંડ માટે મોલીપુર ગામ ખાતે એક ફાર્મ ખરીદવામાં આવ્યું હતું અને તેને ક્રિકેટના મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું હતું. તેમાં ફ્લડ લાઈટ લગાવાઈ હતી અને પીચ પણ તૈયાર કરવામાં આવી હતી. તેને આઈપીએલનું સ્વરૂપ આપવા માટે મલ્ટી કેમ સેટઅપ, કોમેન્ટ્રી બોક્સ સહિતની તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી અને એથી પણ આગળ એક મોબાઈલ એપ પર મેચ લાઈવ પણ થતી હતી.

આ માટે ગામના છોકરાઓને ભાડે રાખવામાં આવતા હતા અને તેમને પ્રતિ મેચ ૪૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. સટ્ટાના ભાવ એટલે કે રેટ પ્રમાણે ગામના નકલી ક્રિકેટર્સને ક્યારે ચોગ્ગો મારવાનો છે, ક્યારે આઉટ થવાનું છે વગેરે નિર્દેશો આપવામાં આવતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ક્રિકેટ કીટ, સ્પીકર, લાઈટ, મલ્ટી કેમેરા સેટઅપ સહિતની અનેક વસ્તુઓ જપ્ત કરી છે અને ૪ આરોપીઓની ધરપકડ કરી છે. તે ચારેય આરોપી સામે સટ્ટાબાજી, છેતરપિંડી સહિતના અનેક મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે અને રશિયામાં રહીને આ સમગ્ર નેટવર્કનું સંચાલન કરનારા વ્યક્તિની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ નકલી કોમેન્ટેટર હર્ષા ભોગલેના અવાજમાં ક્રિકેટ કોમેન્ટ્રી કરતો હતો. હર્ષા ભોગલેએ પોતે પણ આ રિપોર્ટને ટ્વિટ કરીને પોતે તે કોમેન્ટેટરને સાંભળવા ઈચ્છે છે તેમ લખ્યું હતું.

## કાશ્મીરમાં હજુ પણ ૧૪૧ આતંકીઓ સક્રિય, ૮૧ વિદેશી અને ૫૯ સ્થાનિક, મોટા ભાગના હિઝબુલ અને તેના સંગઠનો સાથે જોડાયેલા

નવીદિલ્હી,

જમ્મુ કાશ્મીરમાં હજુ પણ આતંકીઓ સ્થાનિક યુવકોને ભડકાવીને આતંકવાદના રસ્તે લઈ જઈ રહ્યા છે. પ્રાપ્ત આંકડા અનુસાર છેલ્લા ચાર વર્ષમાં આવા આશરે ૭૦૦ જેટલા યુવકોને ભ્રમિત કરીને આતંકી બનાવી દેવામાં આવ્યા હતા. જ્યારે જમ્મુ કાશ્મીરમાં ૧૪૧ આતંકીઓ હાલ સક્રિય છે તેમાંથી મોટા ભાગના વિદેશી આતંકીઓ છે. આ આંકડા ગૃહ બાબતોના મંત્રાલય દ્વારા આપવામાં આવ્યા હતા.

મંત્રાલય દ્વારા જારી આંકડા અનુસાર જમ્મુ કાશ્મીરમાં જે ૧૪૧ આતંકીઓ સક્રિય છે તેમાંથી ૮૧ આતંકીઓ વિદેશી છે જ્યારે ૫૯ આતંકીઓ સ્થાનિક છે. આ આતંકીઓમાં મોટા ભાગના લશ્કરે તોયબા અને તેના પેટા સંગઠનો જેવા કે રેસિસ્ટન્સ ફ્રન્ટ, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા છે. વર્ષ ૨૦૧૮માં ૧૮૭, ૨૦૧૯માં ૧૨૧, ૨૦૨૦માં ૧૮૧ અને ૨૦૨૧માં ૧૪૨ સ્થાનિકો આતંકી બની ગયા હતા. જ્યારે આ વર્ષે જુલાઈના અંત સુધીમાં ૬૯ યુવાઓને આતંકી બનાવી દેવાયા હતા.

આ વર્ષે કુલ ૫૫ એન્કાઉન્ટર થયા જેમાં ૧૨૫ આતંકીઓને સુરક્ષા જવાનોએ ઠાર માર્યા હતા. જેમાં ૯૧ સ્થાનિક અને ૩૪ વિદેશી આતંકીઓ હતા. ચીન દ્વારા લદ્દાખ અને અન્ય સરહદી વિસ્તારોમાં વારંવાર ઘુસણખોરી થઈ રહ્યાના અહેવાલો સામે આવતા હોય છે. આ સ્થિતિ વચ્ચે ચીનને તેની જ ભાષામાં જવાબ આપવાની તૈયારી ભારતીય સૈન્યએ કરી લીધી છે. ભારતીય સૈન્ય હવે સરહદે તૈનાત જવાનો અને સૈન્ય સ્ટાફને ચીનની ભાષાની તાલિમ આપવા જઈ રહી છે. જેનો ઉપયોગ ચીનની દરેક જાસુસી કે સરહદે થતા અટકચાળાને પકડી પાડવા માટે થઈ શકશે.

અગાઉ ચીને પણ ભારતીય ભાષાની જાણકારી ધરાવતા યુવાઓને સૈન્યમાં ભરતી કરવાનું શરૂ કર્યાના અહેવાલો સામે આવ્યા હતા. હવે ભારતીય સૈન્ય પણ તેનો જવાબ આપવા માટે ચીનની ભાષાની તાલિમ આપવાનું શરૂ કરી દીધુ છે. ચીનની વિવિધ ભાષાઓ પૈકી મન્દારિન ભાષા પર સૈન્યની નજર છે. આ ભાષા જાણનારા સરહદ નજીક વધુ હોવાની શક્યતાઓ છે. જેમના કોમ્યૂનિકેશનને પકડી પાડવા માટે ટ્રાન્સલેટરની પણ મદદ લેવામાં આવી રહી છે.

## રશિયાનું કાવતરું:રશિયન સૈનિક યુક્રેની ઈતિહાસના પુસ્તકો સળગાવી રહ્યા છે, ઈન્ટરનેટ બંધ, ટીવી પર રશિયાના કાર્યક્રમો

કીવ,

રશિયા પોતાના કબજાવાળા યુક્રેનના દક્ષિણ વિસ્તારોની સ્કૂલોને ફરી ખોલી રહ્યું છે. તેમાં રશિયાના સમર્થક કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. ખેરસૉન અને જાપોરિજ્જા જેવા ક્ષેત્રોમાં રહેનારા માતા-પિતાને ધમકી આપવામાં આવી રહી છે કે જો તેઓ રશિયન પાસપોર્ટ નહીં લે અને પોતાના બાળકોને રશિયાની સમર્થક સ્કૂલોમાં નહીં મોકલે તો તેમના વાલી તરીકેના અધિકાર છીનવી લેવામાં આવશે.

પેરેન્ટ્સ અને ટીચર્સનું કહેવું છે કે આગામી શૈક્ષણિક વર્ષમાં આ સ્કૂલોની સાથે સહયોગ કરવા માટે તેમને બ્લેકમેલ કરવામાં આવી રહ્યા છે. રશિયાના કબજાવાળા વિસ્તારોમાં યુક્રેની ઈન્ટરનેટ અને સેલુલર-સેવા પ્રોવાઈડર અને બહારના મીડિયાને કાપી દેવામાં આવ્યા છે. ટેલીવીઝન પર માત્ર રશિયાના કાર્યક્રમ આવે છે. રશિયાના સૈનિક યુક્રેની ઈતિહાસના પુસ્તકોને સળગાવી રહ્યા છે. સ્કૂલોમાં બાળકોને યુક્રેનથી નફરત કરવાનું શીખવાડી રહ્યા છે. ઈતિહાસના પાઠોમાં ભણાવવામાં આવી રહ્યું છે કે હાલનું યુદ્ધ શરૂ કરવા માટે યુક્રેન દોષી છે.

રશિયાના સૈનિકલ યુક્રેનના શિક્ષકોને બળજબરીથી રશિયા સમર્થિત કોર્સ ભણાવવાનું દબાણ કરી રહ્યા છે. ખેરસૉની શિક્ષિકા સેરહીનું કહેવું છે કે રશિયાના સૈનિક શિક્ષકોને બ્લેકમેલ પણ કરી રહ્યા છે. કેટલાક શિક્ષકો ભાગી ગયા. બાકી બચેલા શિક્ષકોને બળજબરીથી ભણાવી રહ્યા છે.

## સંસદનું ચોમાસુ સત્ર કોવિડ પ્રોટોકોલ મુજબ યોજાશે

નવીદિલ્હી,

સંસદનું ચોમાસુ સત્ર ૧૮મી જુલાઈ છે શરૂ થવાનું છે અને એવી જાહેરાત કરવામાં આવી છે કે કોરોનાવાયરસ ના અનુસંધાને નક્કી કરવામાં આવેલા પ્રોટોકોલ મુજબ સત્રનું આયોજન કરવામાં આવશે અને સામાજિક અંતર તેમજ સુરક્ષાના અન્ય માપદંડો નું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

સંસદનું ચોમાસુ સત્ર ૧૮મી જુલાઈથી શરૂ થશે અને ૧૨મી ઓગસ્ટ સુધી ચાલશે. સંસદમાં હાજરી આપનારા તમામ સભ્યોને કોરોનાવાયરસ ના તમામ નિયમોનું પાલન કરવાની સૂચના આપી દેવામાં આવી છે અને તેમાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં.રાજ્યસભાના સભાપતિ નાયડુએ ગૃહમાં શપથ લેનારા સભ્યોને સંબોધીને કહ્યું હતું કે કોરોનાવાયરસ ના તમામ નિયમોનું પાલન કરાવવામાં આવશે અને ગેલેરી થી ગૃહની કાર્યવાહીમાં સામેલ થનારા મીડિયાકર્મીઓ ની સંખ્યા પર પ્રતિબંધ જારી રાખવામાં આવશે અને રાજ્યસભા કક્ષમાં ૬૦ સભ્યો બેસી શકશે જ્યારે લોકસભામાં ૧૩૨ સભ્યોને છૂટ આપવામાં આવશે.

તેમણે કહ્યું છે કે તમામ સભ્યોને બુસ્ટર ડોઝ લેવાની અપીલ કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું છે કે હજુ પણ દેશમાં કોરોનાવાયરસ મહામારી ના નવા કેસમાં અલગ-અલગ રાજ્યોમાં વધારો થઈ રહ્યો છે એટલા માટે કોરોનાવાયરસ ના સમાચાર નિયમોનું પાલન તમામ સભ્યો તેમજ તમામ કર્મચારીઓએ કરવાનો રહેશે.

## અમરનાથ દુર્ઘટના:૪૧થી વધુ હજુ લાપતા, ત્રીજા દિવસે બચાવ અભિયાન ચાલુ; દટાયેલા લોકો જીવિત હોવાની શક્યતા ઓછી

શ્રીનગર

અમરનાથમાં વરસાદી દુર્ઘટનાઓ અને પૂર પછી લાપતા થયેલા લોકોને શોધવા ત્રીજા દિવસે પણ બચાવ અભિયાન ચાલ્યું હતું. જોકે, ત્રણ દિવસ વીતી જતા કાટમાળ નીચે દટાઈ ગયેલા લોકો જીવિત હોવાની શક્યતા ઘણી ઓછી છે. સૈન્યના જવાનો અને બચાવકર્મીઓ દ્વારા જીવિત લોકોને બહાર કાઢવાના પ્રયાસને પ્રાથમિકતા અપાઈ રહી છે. બીજી તરફ, અમરનાથ ગુફામાં દર્શન માટે પહોંચેલા શ્રદ્ધાળુઓ અમરનાથ યાત્રા શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે. ખરાબ હવામાનના કારણે જમ્મુના રસ્તે પણ અમરનાથ યાત્રા રોકી દેવાઈ છે.

સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના એક અધિકારીએ કહ્યું કે, 'અમારું બચાવ અભિયાન ત્રીજા દિવસે પણ ચાલુ છે. અમે કોઈ પણ વ્યક્તિ જીવિત હોવાની આશામાં સતત કાટમાળ હટાવી રહ્યા છીએ. આ પ્રકારનું કામ મોટા ભાગે એવા વિસ્તારોમાં થઈ રહ્યું છે, જ્યાં સ્નિફર ડૉગ છે. સેનાના એન્જિનિયરો પણ કાટમાળ હટાવવા અને પવિત્ર ગુફાનો માર્ગ સરળ રાખવા ૨૪ કલાક કામ કરી રહ્યા છે.'

અમરનાથ ગુફાના રસ્તે શુક્રવારે સાંજે ભારે વરસાદ પછી આવેલા પૂર-કાટમાળની ચપેટમાં આવી જવાથી ૧૬ શ્રદ્ધાળુના મોત થઈ ગયા હતા, જ્યારે ૪૧ લોકો લાપતા પણ થઈ ગયા હતા. આ દરમિયાન ૫૩ શ્રદ્ધાળુને ઈજા પણ થઈ હતી, જેમાંથી ૩૫ને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. આ ઉપરાંત ૧૭ની સારવાર ચાલી રહી છે.રાહત અને બચાવકાર્યમાં વાયુસેનાના ચાર એમઆઈ-૧૭વીપ અને ચાર ચિતલ હેલિકોપ્ટર પણ તહેનાત કરાયા છે. અત્યાર સુધી ચિતલ હેલિકોપ્ટરોએ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોરન્ટ ફોર્સ અને સૈન્યના પાંચ જવાનો, ૩.૫ ટન રાહત સામગ્રીને લઈને ૪૫ ઉડાન ભરી છે, જ્યારે પવિત્ર ગુફામાંથી ૪૫ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. બીજી તરફ, જમ્મુ-કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિંહાએ અમરનાથમાં ચાલતા બચાવ અને રાહત કાર્યની સમીક્ષા કરી છે. સિંહાએ પહલગામ શિબિરે જઈને પણ તીર્થયાત્રીઓ સાથે મુલાકાત લીધી હતી.

## અવમાનના કેસમાં વિજય માલ્યાને ૪ મહિનાની સર્ અને ૨ હજારનો દંડ ફટકારતી સુપ્રીમ કોર્ટ



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે વિજય માલ્યાને અવમાનના કેસમાં ૪ મહિનાની સજા સંભળાવી છે. કોર્ટે આ કેસમાં વિજય માલ્યાને ૨૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો પણ આદેશ આપ્યો છે. જો દંડ ન ભરે તો ૨ મહિનાની વધારાની સજા થશે તેમ પણ જણાવ્યું હતું. આ ઉપરાંત વિજય માલ્યાને આદેશ પણ આપવામાં આવ્યો હતો કે વિદેશમાં ટ્રાન્સફર કરાયેલા ૪૦ મિલિયન ડોલર ૪ અઠવાડિયામાં ચૂકવવામાં આવે.

મળતી માહિતી મુજબ આ નિર્ણય સુપ્રીમ કોર્ટમાં ૩ જજોની બેન્ચે આપ્યો છે. જેમાં જસ્ટિસ યુ યુ લલિત, જસ્ટિસ એસ રવિન્દ્ર ભટ્ટ અને જસ્ટિસ સુધાંશુ ધુલિયાનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે, માલ્યાએ ન માત્ર કોર્ટને વિદેશી ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવા અંગે ખોટી માહિતી આપી છે, પરંતુ છેલ્લા ૫ વર્ષથી કોર્ટમાં હાજર ન રહીને કોર્ટની અવમાનનાને આગળ વધારી છે. માલ્યાને વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટ દ્વારા તિરસ્કારનો દોષી ઠેરવવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે ૧૦ ફેબ્રુઆરીના રોજ સુનાવણી મુલતવી રાખતા માલ્યાને પોતાનો કેસ રજૂ કરવાની છેલ્લી તક આપી હતી. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું હતું કે જો દોષિત આગામી સુનાવણીમાં હાજર નહીં થાય અથવા તેના વકીલ મારફત પોતાનો પક્ષ રજૂ નહીં કરે તો સજા સંબંધિત કાર્યવાહી અટકાવવામાં આવશે નહીં. વાસ્તવમાં, ડિએગો ડીલના ઈ૪૦ મિલિયનને તેના બાળકોના વિદેશ ખાતામાં ટ્રાન્સફર કરવા અને મિલકતની ચોક્કસ વિગતો આપવામાં નિષ્ફળ રહેવા બદલ તેને તિરસ્કાર માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે, માલ્યા કેટલીક કાનૂની યુક્તિઓ અપનાવીને યુનાઈટેડ કિંગડમમાં બેઠા છે. તેણે ત્યાં કેટલીક ગુપ્ત કાનૂની પ્રક્રિયા શરૂ કરી છે. માહિતી અનુસાર, યુકે સરકારે આ પ્રક્રિયામાં ન તો ભારત સરકારને પક્ષકાર બનાવ્યો છે અને ન તો તેની માહિતી શેર કરી છે. જેના કારણે માલ્યાને હજુ સુધી ભારત લાવવામાં આવ્યો નથી.

## રાષ્ટ્રપતિની ચુંટણી : પંજાબમાં હજુ ૧૬૩૮૮ મતો પર રહસ્ય યથાવત

ચંડીગઢ,

પંજાબમાં રાષ્ટ્રપતિ ચુંટણીને લઈ હજુ રહસ્ય બનેલ છે.૧૬૩૮૮ મતોને લઈ અત્યાર સુધી કોઈ પણ નિર્ણય લેવામાં આવ્યો નથી તેમાં સૌથી વધુ મત આમ આદમી પાર્ટીની પાસે છે.આપની પાસે ૧૫૫૭૨ મત છે.કોંગ્રેસે પણ હજુ સુધી રાષ્ટ્રપતિની ચુંટણીને લઈ પોતાના પત્તા ખોલ્યા નથી જો કે શિરોમણી અકાલી દળ તરફથી એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂના પક્ષમાં મતદાન કરવાની જાહેરાત કરવામાં આવી છે.પંજાબમાં આમ આદમી પાર્ટી સૌથી મોટી પાર્ટી છે આથી સત્તા અને વિરોધ પક્ષ બંન્ને પક્ષોના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારોની નજર આપ પર બનેલ છે. વર્તમાનમાં આમ આદમી પાર્ટીની પાસે સાત રાજયસભા સાંસદ અને ૯૨ ધારાસભ્ય છે તેના કુલ ૧૫૫૭૨ મત બની રહ્યાં છે જો કે આપે અત્યાર સુધી પોતાના સમર્થનને લઈ પત્તા ખોલ્યા નથી બીજી તરફ ભાજપની પાસે પંજાબમાં બે ધારાસભ્ય અને બે સાંસદ છે તેના મતોનું મૂલ્ય ૧૮૩૨ છે આ રીતે શિરોમણી અકાલી દળ પાસે ત્રણ ધારાસભ્ય અને બે સાંસદ છે તેમના મતોનું મૂલ્ય ૧૯૪૮ છે. બસપાના મતોનું મૂલ્ય ૧૧૬ છે કોંગ્રેસના મતોનું મૂલ્ય ૭૬૮૮ છે.

## મહારાષ્ટ્રમાં શિવસેનાના ધારાસભ્યો બાદ હવે સાંસદો બળવાના મૂડમાં, બેઠકમાં ૧૦ સાંસદો જ રહ્યા હાજર



મુંબઈ,

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ માતોશ્રી નિવાસ ખાતે બોલાવેલી સાંસદોની બેઠકમાં માત્ર ૧૦ જ સાંસદો પહોંચ્યો હોવાનું સામે આવ્યું છે. લોકસભામાં શિવસેનાના કુલ સાંસદોની સંખ્યા ૧૯ છે. ધારાસભ્યોએ એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવો પોકાર્યો ત્યાર બાદ એવું માનવામાં આવે છે કે, શિવસેનાના કેટલાક સાંસદો પણ ટૂંક સમયમાં જ પક્ષપલટો કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ કેટલાક સાંસદોએ ઉદ્ધવ ઠાકરેને ટીમ શિંદે સાથે સુલેહ કરી લેવા માટે ભલામણ કરી હતી.

ઉદ્ધવ ઠાકરે દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ગજાનન કીર્તિકર, અરવિંદ સાવંત, વિનાયક રાઉત, હેમંત ગોડસે, ધૈર્યશીલ માને તથા રાહુલ શેવાલે સહિતના ૧૦ સાંસદો પહોંચ્યા છે જ્યારે બાકીના સાંસદો પહોંચ્યા ન હતાં

એકનાથ શિંદેએ શિવસેનાના બળવાખોર ધારાસભ્યો સાથે મળીને ભાજપ સાથે સરકાર રચી છે. શિંદેને શિવસેનાના ૪૦ તથા અપક્ષના ૧૦ ધારાસભ્યોનું સમર્થન છે. ત્યાર બાદ સતત એવા સમાચારો સામે આવી રહ્યા છે કે, શિવસેનાના કેટલાક સાંસદો ભાજપમાં જોડાઈ શકે છે. તેમાં એકનાથ શિંદેના દીકરા શ્રીકાંત શિંદે, ભાવના ગવલી વગેરેના નામનો સમાવેશ થાય છે. શિવસેનાના સાંસદોની માતોશ્રી ખાતેની પાછલી બેઠકમાં પણ કેટલાક વરિષ્ઠ નેતાઓએ ઉદ્ધવ ઠાકરેને એકનાથ શિંદે સાથે સુલેહ કરવાની સલાહ આપી હતી.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણેશ્વર મહાદેવ મંદિર ખાતે પુજા અર્ચના ગોરી વ્રતની બાળાઓ અને મલેકપુરમાં પણ આવેલ સુપ્રસિદ્ધ હનુમાનજીના મંદિરે પણ મહાદેવની પૂજા અર્ચના બાળાઓ

મલેકપુર, મહીસાગર જિલ્લાના લુણાવાડામાં ગૌરી વ્રતનો પ્રારંભ થયો છે. ત્યારે લુણાવાડા નગરમાં આવેલ લુણેશ્વર મહાદેવના મંદિર ખાતે પુજા અર્ચના માટે મોટી સંખ્યામાં બહેનો પહોચી હતી.

હાલ બહેનો માટે ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રત નો તહેવાર ચાલી રહ્યો છે અને કુંવારીકોઓ આ ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રત કરતી હોય છે.



નાની કુમારીકાઓ ઘરે જવારાની સ્થપના કરી તેની સવાર સાંજ પાંચ દિવસ પૂજા કરી ઉપવાસ કરતી હોય છે અને મોટી કુમારીકાઓ જયા પાર્વતીનું વ્રત શિવ મંદિરમાં વહેલા સવારે જઈ શિવની પૂજા અર્ચના કરી ઉપવાસ રાખીને કરતી હોય છે અને તેને અણુલાના વ્રત પણ કહેવાય છે. આમ, આજરોજ વહેલી સવારથી લુણેશ્વર મહાદેવના મંદિરે બહેનો પુજા અર્ચના માટે પહોચી હતી. આમ, મંદિરના મહારાજા દ્વારા પુજા અર્ચના કરાવી અને ગોરી વ્રતની મહીમા પણ સમજાવ્યો હતો.

# સંતરામપુર તાલુકાના નાની ભુગેડી ગામે વંદે ગુજરાત વિકાસ રથ યાત્રા આવી પહોંચતા મંત્રી સહિત ગામના આગેવાનો અને ગ્રામજનોએ રથનું પારંપારિક સ્વાગત કર્યુ

લુણાવાડા, સમગ્ર દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સરકારે છેલ્લા ૨૦ વર્ષમાં રાજયના તમામ જિલ્લાઓમાં પ્રજાના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. રાજય સરકારે કેરલ વિકાસ કાર્યોની માહિતી જન–જન સુધી પહોંચે અને સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓના લાભ સીધેસીધા તેમના હાથોહાથ પહોંચે તે માટે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ ગામેગામ પરિભ્રમણ કરી રહ્યો છે.

આ વિકાસ યાત્રાના ભાગરૂપે સંતરામપુર તાલુકાના નાની ભૂગેડી ગામે વંદે ગુજરાત વિકાસ રથ આવી પહોંચતા ઉચ્ચ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર સહિત ગામના આગેવાનો અને ગ્રામજનોએ રથનું પારંપારિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરએ સમગ્ર દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. ત્યારે કેન્દ્ર–રાજય સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ અધિકારીઓ આ યાત્રાના માધ્યમથી ગામે–ગામ આવીને વિકાસલક્ષી યોજનાઓ અંગેની જાણકારી આપવાની સાથે વિવિધ યોજનાઓના જરૂરિયાતમંદ લાભાર્થીઓને વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરાવી રહ્યા છે તેમ જણાવ્યું હતું. તેમણે વધુમાં રાજય સરકાર છેવાડાના માનવીઓના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે પ્રતિબદ્ધ હોવાનું ઉમેર્યું હતું.

મંત્રી ડીંડોરએ કેન્દ્ર–રાજય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આયુષ્યમાન કાર્ડ, શિક્ષણ, રોડ–રસ્તા, પાણી–પુરવઠા, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ, નલ સે જલ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી માતૃ વંદના, વન નેશન–વેન રેશનકાર્ડ, ઊર્જા, આરોગ્ય જેવી વિવિધ યોજનાઓ ક્ષેત્રે હાંસલ કરેલ સિધ્ધિઓની જાણકારી આપી હતી.

આ પ્રસંગે મંત્રી કુબેરભાઈ ડીંડોરના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોના મંજૂરી પત્રો અને વિવિધ યોજનાકીય સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વીસ વર્ષની વિકાસ યાત્રા સંબંધી પ્રધાનમંત્રીના ટૂંકા વ્યકતવ્યની, વંદે ગુજરાત વિકાસ યાત્રાની તથા વિવિધ યોજનાકીય લાભોના લાભાર્થીઓની સાફલ્યગાથાઓ રજૂ કરતી ટૂંકી ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું જેને ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર સહિત ઉપસ્થિત સર્વે નિહાળી હતી. જયારે શાળા સંકુલમાં મંત્રી ડીંડોરના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંતરામપુર તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન, અગ્રણી પ્રકાશભાઈ કટારા, નાની ભૂગેડી શાળાના આચાર્ય, લાયઝન અધિકારી કાપડિયા, સરપંચ, મામલતદાર, સી.ડી.પી.ઓ., આંકડા મદદનીશ અધિકારી, ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહિસાગર જિલ્લામાં કાર્યાન્વિત વિવિધ લોકોપયોગી યોજનાઓના સમયમર્યાદામાં લક્ષ્યાંક પૂરા થવા જોઈએ : સાંસદ જસવંતસિંહ ભાભોર

લુણાવાડા મહીસાગર જિલ્લા સેવા સદન લુણાવાડા ખાતે દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતા અને ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઈ ડિંડોર, પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની સહઅધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ કમિટી (દિશા)ની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં સાંસદ ભાભોરે જિલ્લામાં ચાલી રહેલી યોજનાઓની કામગીરી ઝડપભેર થવી જોઈએ અને સમયમર્યાદામાં યોજનાઓના લક્ષ્યાંક પૂરા થવા જોઈએ. તેમ જણાવી તેમણે આવાસ, સિંચાઈ, કૃષિ, અંતર્ગત થઈ રહેલી કામગીરી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં યોજનાઓની પ્રગતિ અને લક્ષ્યાંક સિદ્ધિ બાબત ચર્ચા–સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીની યોજનાઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય), એન.આર.એલ.એમ, ઉજ્જ્વલા યોજના, પીએમકિસાન યોજના, પ્રધાનમંત્રી જન ધન યોજના, નગર પાલીકા લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોરની પ્રધાનમંત્રી આવાસ યોજના (અર્બન) સ્વચ્છ ભારત મિશન (અર્બન)ની સમીક્ષા તેમજ પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, મદયાહન ભોજન યોજના, સંકલિત જળસ્ત્રાવ વિકાસ એકમ, પાણી પુરવઠા (બાંધકામ), નલ સે જલ યોજના, ડીઝીટલ ઈન્ડીયા લેન્ડ રેકર્ડસ આધુનિકીકરણ કાર્યક્રમ, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, (ડખત્રજ્ઢ) સંકલિત બાળ વિકાસ યોજના, સર્વ શિક્ષાઅભિયાન, જિલ્લા ખેતીવાડી યોજનાઓ, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ્ય જ્યોતિ યોજના (DDUGJY) સામાજિક વનીકરણ, જિલ્લા રોજગાર કચેરી, ખાણ ખનિજ વિભાગ, પ્રાયોજના વહીવટદાર કચેરીની યોજનાઓની કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં વિકાસના કામો ગુણવત્તાયુક્ત થાય તે જોવા પર ભાર મુકી તમામ કામો ઝડપી અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા સુચવ્યું હતું.

દિશા કમીટીની આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, નગરપાલીકા પ્રમુખ ભાવનાબેન મહેતા, તાલુકા પંચાયત પ્રમુખ જ્યોતીકાબેન, અધિક નિવાસી કલેક્ટર આઇ.એ.સુથાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવ સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગોધરા ખાતે જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં ના.નિયામક જનરલ મેનેજર પાસે એકથી વધુ ચાર્જને લઈ અનિયમીત રહેતા લાભાર્થીઓને ધરમધકકા

ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર છેલ્લા ત્રણ વર્ષથી નવરંગ સોસાયટીમાં ભાડાના મકાનમાં કાર્યરત છે. ઉદ્યોગ કેન્દ્ર દ્વારા વિવિધ યોજના જેવી કે, બ્યુટી પાર્લર, ગાય–ભેંસ અને તબેલા અને શ્રમિકોને લગતા સાધનો પુરા પાડવામાં આવતા હોય છે. પરંતુ ગોધરા ઉદ્યોગ કેન્દ્રની ઉદ્યોગ ના. નિયામક જનરલ મેનેજર પાસેથી ચાર થી પાંચ જીલ્લાનો ચાર્જ ધરાવતા હોવાથી કચેરીમાં આવતા ન હોવાથી લાભાર્થીઓ ધરમધકકા ખાઈ રહ્યા છે.

કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન દ્વારા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા રોજગારી મળી રહે તેવા હેતુસર તમામ પ્રકારની સહાય આપવામાં આવતી હોય છે. અને તેની અમલવારી કરી લાભાર્થીને લાભ મળે તેવા આદેશ આપવામાં આવ્યા છે. પંચમહાલ જીલ્લાના ગોધરામાં આવેલ ઉદ્યોગ કેન્દ્રની કચેરી છેલ્લા ત્રણ વર્ષ થી ભાડાના મકાનમાં કાર્યરત છે. જીલ્લા ઉદ્યોગ કેન્દ્રનું બિલ્ડીંગ ઉભું થઇ જવા છતાં પણ વધારે ભાડુ આપીને ભાડાના મકાનમાં ઓફિસ ચલાવવામાં આવી રહી છે. જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરી, ના. નિયામક જનરલ મેનેજર પાસે અન્ય જીલ્લા જેવાં કે, વલસાડ, વડોદરા, દાહોદ અને ગોધરાના ચાર્જ સંભાળતા હોવાને લઈ ત્રણ મહિનામાં એકવાર કચેરીમાં હાજરી આપતા હોય છે. જેને લઈ રોજગારલક્ષી સહાય માટે ફોર્મ ભરતા લાભાર્થીઓને કચેરીના ધરમધકકા ખાવા મજબુર બને છે. ગોધરા જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં જીલ્લાના અંતરીયાળ ગામો માંથી લાભાર્થીઓ આવતા હોય તેવા લાભાર્થીઓને વધારાના ખર્ચનો ભોગ બની રહ્યા છે. જો પંચમહાલ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઉદ્યોગ ના. નિયામ જનરલ મેનેજરનો રેગ્યુલર ચાર્જ સોંપવામાં આવે તો લાભાર્થીઓને સાચા અર્થમાં રોજગારીની તકો ઉભી થાય તેમ છે. ગોધરામાં ભાડાના મકાનમાં ચાલતી જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં કર્મચારીઓ પણ રેગ્યુલર હાજર જોવા મળતા નથી. ત્યારે જીલ્લાવાસીઓ ઈચ્છી રહ્યા છે કે, કેન્દ્ર સરકાર અને રાજયની રોજગારલક્ષી યોજનાઓ સાચા અર્થમાં લાભાર્થી સુધી પહોંચી શકે છે. રેગ્યુલર કવાર્ટસમાં રહેતા હોય તેમને ચાર્જ મળે તો કામગીરી સરળ થાય.



કાલોલ તાલુકાની શ્રી કે.કે.હાઈસ્કુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

# શહેરા પોલીસએ વચ્છેસર તળાવ ની પાછળ બાંધી રાખેલા ગૌવંશ સહિત ૨૭ જેટલા પશુઓ ને બચાવીયા

શહેરા પોલીસ એ વચ્છેસર તળાવ ની પાછળ રેડ કરતા કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલા ગૌવંશ સહિત ૨૭ જેટલા પશુઓ ને બચાવી ને પાંજરાપોળ ખાતે મોકલી દેવામાં આવ્યા હતા.જ્યારે સ્થળ પરથી ૧૫ કરતા વધુ પશુઓના કતલ કરાયેલા માથા મળી આવવા સાથે ત્રણ કાર અને ચાર થી વધુ કસાઈઓ ને પકડી પાડી ને રૂપિયા આઠ લાખ કરતાં વધુ નો મુદ્દામાલ કબજે કર્યો છે..

શહેરા પોલીસે વચ્છેસર તળાવ ની પાછળ કેટલા ઈસમો ભેગા મળીને મોટી સંખ્યામા પશુઓને બાંધી રાખવામાં આવ્યા હોવાની બાતમી મળી હતી. પોલીસ ની



ટીમે બાતમી ના આધારે વચ્છેસર તળાવની પાછળ ધમધમી રહેલા કતલખાના પર રેડ કરતા કતલ કરવાના ઈરાદે ૨૭ જેટલા ગૌવંશ સહિતના પશુઓ ઘાસચારા અને પાણી વગર બાંધી રાખવામાં આવેલા મળી આવ્યા હતા. પોલીસે ત્રણ રહેણાંક ઘરો ની અંદર તપાસ કરતા ૧૦ કરતા પશુઓના માથા મળી આવવા સાથે ૫૦કિલો કરતા વધુ માસ નો જથ્થો તેમજ લોહી ના ખાબોચિયા ભરાયેલા જોવા મળતા પોલીસ પણ બે ઘડી વિચાર માં પડી ગઈ હતી. કતલખાના ના સ્થળ પરથી પોલીસે પાંચ કરતા વધુ આરોપી ને પકડી પાડવા સાથે એક આઇ ૨૦ કાર ,બે સેન્ટ્રો કાર મળી આવી હતી. સ્થળ પરથી પકડી પાડેલા તમામ આરોપીઓ ને પોલીસ મથક ખાતે લાવી ને પૂછપરછ નો દોર શરૂ કર્યો હતો. જ્યારે પોલીસે ૨૭ પશુઓ ,ત્રણ કાર અને મોબાઈલ મળીને રૂપિયા ૮ લાખ કરતાં વધુનો મુદ્દામાલ કબજે કરી ને વધુ તપાસ નો દોર શરૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે પોલીસની કતલખાના પરની રેડ દરમિયાન અમુક વ્યક્તિઓ નાસી જવામાં સફળ રહયા હોવાની ચર્ચા નો દોર લોકો માં થઈ રહયો હોવા સાથે મોટી સંખ્યામાં ગૌવંશ સહિતના પશુઓ ને અહી મારી નાખવામાં આવ્યા હોય ત્યારે આ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ગૌરક્ષકો ની માંગ ઉઠી હતી.

## ગોવાની ગોલમાલમાં ભાજપ ફાવશે ?

# કોંગ્રેસના ૧૧ માંથી ૫ ધારાસભ્યોની પાર્ટી બદલવાની ચર્ચાએ જોર પકડ્યું છે,ભાજપ પર સરકાર તોડવાનો આરોપ

નવીદિલ્હી, મહારાષ્ટ્રમાં શિવસેના બાદ હવે ગોવામાં કોગ્રેસમાં પણ ભંગાણ થયું હોવાના સમાચારો વહેતા થયા છે. ગોવામાં કોગ્રેસમાં એક વખત ફરીથી મુશ્કેલી ઉભી થઈ છે. ગોવામાં વિધાન સભાની ચૂંટણી થયે હજુ માત્ર ૫ જ મહિના થયા છે એવામાં કોંગ્રેસના ૧૧માંથી ૫ ધારાસભ્યોની પાર્ટી બદલવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કોગ્રેસનું કહેવું છે કે, ૫ ધારાસભ્યો સાથે તેમનો સંપર્ક કપાયો છે. કોંગ્રેસે પોતાના બે ધારાસભ્યો માઈકલ લોબો અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામત ઉપર મ્નૈં સાથે મળીને પાર્ટીની સામે કાવતરૂ રચવાનો આરોપ લગાવ્યો છે. પાર્ટીએ માઈકલ લોબોને નેતા પ્રતિપક્ષના પદ ઉપરથી હટાવી દીધા છે. ગોવાની ૪૦ સીટો વાળી વિધાનસભામાં કોગ્રેસના ૧૧ ધારાસભ્યો છે. તેમાંથી ૫ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓ વહેતી થઈ છે.જે સભ્યો ભાજપમાં

દિનેશ ગુંડૂ રાવે જણાવ્યું હતું કે, માઈકલ લોબો, દિગમ્બર કામત, કેદાર નાયક, રાજેશ ફલદેસાઈ અને ડેલિયાલા લોબો સાથે સંપર્ક નથી થઈ રહ્યો. તેમણે જણાવ્યું હતું કે એલ્ટન ડીસોઝા, સંકલ્પ અમોનકર, યૂરી અલેમાઓ, કાર્લોસ અલ્વારેસ ફરેરા અને રુડોલ્ફ ફર્નાન્ડિઝ સાથે છે તેમજ એલેક્સ સિક્કેરા પાર્ટીના નેતાઓ સાથે સપર્કમાં છે અને કોગ્રેસની સાથે છે.

હાલમાં કોગ્રેસના ૫ ધારાસભ્યો પાર્ટી બદલશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે. જો આ ૫ ધારાસભ્યો ભાજપમાં જોડાશે તો તેમની ઉપર પક્ષ પલટાનો કાયદો લાગુ પડશે. આ કારણે તેમના ધારાસભ્ય પદ ઉપર જોખમ આવી શકે છે. ગોવા કોગ્રેસના પ્રભારી રાવે જણાવ્યું હતું કે, બળવાખોર ધારાસભ્યો પાસે ૨/૩ મતોનું સમર્થન ન હોવાના કારણે જો તેઓ પાર્ટી બદલશે તો તેમને ફરીથી ચૂંટણીમાં ઉભું રહેવું પડશે અને તેમની ઉપર પક્ષ-પલટાનો કાયદો પણ લાગુ પડશે.

એવા સમાચારો સામે આવી રહ્યા છે કે ૫ બળવાખોર ધારાસભ્યોને આ કાયદાથી બચાવવા માટે અન્ય ૩ ધારાસભ્યોનો સપર્ક કરવામાં આવી રહ્યો છે. તેમની સાથે જો અન્ય ૩ ધારાસભ્યો જોડાઈ જશે તો તેમની સંખ્યા ૮ થઈ જશે અને ત્યારબાદ તેમના સભ્યપદ ઉપર કોઈ જોખમ નહી રહે.આવામાં કોગ્રેસના બળવાખોર ૫ ધારાસભ્યો જો પાર્ટી બદલીને ભાજપમાં જોડાશે તો તેમનું સભ્યપદ જઈ શકે છે. તેમને પોતાનું સભ્યપદ જાળવી રાખવું હોય તો અન્ય ૩ ધારાસભ્યોનો સાથ મળવો જરૂરી છે. જો બળવાખોરો સાથે કોઈ નહી જોડાય તો તેઓ જાતે જ ધારાસભામાં રાજીનામુ આપે અથવા તો પછી મ્નૈંમાં જોડાઈને તેમની ટિકિટ ઉપર ચૂંટણી લડે.

કોગ્રેસના ૫ બળવાખોર ધારાસભ્યોને અન્ય ૩ ધારાસભ્યોનો સાથ મળશે તો તેમની સદસ્યતા ઉપર જોખમ ઉભું નહી થાય. જો ૮ ધારાસભ્યો પાર્ટી બદલીને ભાજપમાં જોડાશે તો તેનાથી વિધાનસભામાં ભાજપની સ્થિતિ મજબૂત થશે. ગોવમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી થઈ હતી. આ ચૂંટણીમાં ૪૦માંથી ૨૦ સીટો ભાજપે જીતી હતી. આ સિવાય ભાજપ પાસે મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીના ૨ અને ૩ અપક્ષના ધારાસભ્યોનું સમર્થન છે. કોગ્રેસે ૧૧ સીટો જીતી હતી. આ સિવાય ગોવાની ફોરવર્ડ પાર્ટી અને રિવોલ્યૂશનર ગોઅંશ પાર્ટીની એક-એક સીટ છે. આમ આદમી પાર્ટીએ ૨ સીટ જીતી હતી. કોગ્રેસના ૫ ધારાસભ્યો ભાજપમાં જોડાશે તો તેમની પાસે વિધાનસભામાં ૩૦ ધારાસભ્યોનું સમર્થન થઈ જશે અને અપક્ષામાં ૧૦ ધારાસભ્યો જ રહેશે.

જો કે, બળવાખોર ધારાસભ્યોએ હજુ સુધી ભાજપમાં જોડાવાની કોઈ પુષ્ટિ કરી નથી. કોંગ્રેસનો આરોપ છે કે તેમના ધારાસભ્યો પર ભાજપમાં જોડાવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. ભાજપે કોંગ્રેસના આ આરોપોને નકારી કાઢ્યા છે.

ગોવામાં કટોકટી વધુ ઘેરી બનતી જોઈને કોંગ્રેસે માઈકલ લોબોને રાજ્યમાં વિપક્ષના નેતા પદેથી હટાવી દીધા છે. કોંગ્રેસના ગોવાના પ્રભારી દિનેશ ગુંડુ રાવે આ જાહેરાત કરી હતી.

પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગોવામાં કોંગ્રેસમાં ભાગલા રોકવા અને વર્તમાન પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે મુકુલ વાસનિકને ગોવા મોકલ્યા છે. વાસનિક ગોવા પહોંચશે અને રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરશે. વાસનિક ગોવામાં કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યોનો સંપર્ક કરીને તેમને મનાવવાનો પ્રયાસ કરી શકે છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) સામાજીક સેવામાં રૂચી વધશે,વહીવટી કામમાં નુકસાનથી સંભાળવું,સ્નેહીમિત્રોની મુલાકાતથી મન પ્રસન્ન જણાશે,વાયુજન્ય બીમારીમાં સાવધાની રાખવી

વૃષભ (બ.વ.ઉ.),શેર સટ્ટાના કામકાજમાં લાભની સંભાવના,પરિવારમાં સાધારણ ક્લેશ જણાશે,નાના મોટા રોકાણમાં લાભ થાય,માનસિક ચિંતાથી દૂર રહેવું

મિથુન (ક.છ.ઘ.),ધંધા નોકરીમાં ઉત્તમ તક મળે,કુટુંબ પરિવારના સહયોગથી લાભ થાય,દાંપત્યસુખમાં વૃદ્ધિ થાય,લે-વેચના કામકાજમાં લાભની સંભાવના

કર્ક (ડ.હ.),વ્યવસાયના કામમાં આવકમાં વૃદ્ધિ,મશીનરીને લગતા કામકાજમાં ફાયદો,ભાગીદાર પાર્ટનર સાથે યાત્રાના યોગ બને,સકારાત્મક વિચારોથી સાથીઓનો સહયોગ

સિંહ (મ.ટ.),વ્યવસાયમાં નવા કામ મળે,સાથી કર્મચારી અને સહયોગીથી લાભ,માબાપના આશીર્વાદથી અધૂરા કામ પૂરા થાય,તબીયતની બાબતે સાચવીને કામકાજ કરવું

કન્યા (પ.ઠ.ણ.),કોઈપણ પ્રકારની ઉધારી કરવી નહિ,લેવડ દેવડ અને નાણા બાબતે સાચવવું,મંગલપ્રસંગના કોઈ સારા સમાચાર મળશે,નજીકના સગાવાહલાથી પરેશાની જણાય

તુલા (ર.ત.),સ્વાસ્થ્યની બાબતે સાવધાની રાખવી,ચંચળ સ્વભાવને સરળ બનાવો,કારણ વગરની યાત્રાથી બચવું,આપના કરેલા સારા કામની સરાહના થાય

વૃશ્ચિક (ન.ય.),નોકરી ધંધામાં ધોખાઘડીથી બચવું,સંપત્તિ બાબતે વિચારીને નિર્ણય લેવો,સાથી મિત્રોનો ઉત્તમ સહકાર મળે,તબીયત બાબતે કાળજી રાખવી

ધન (ભ.ધ.ફ.ઢ.),આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે,જવાબદારીવાળા કામમાં યશ મળશે,લાપરવાહીથી કરેલા કામમાં નુક્સાન થશે,જુના દર્દ અને પરેશાનીઓમાંથી મુક્તિ મળે

મકર (ખ.જ.),સગા સ્નેહીજનોથી આર્થિક સહકાર મળશે,કોઈપણ જાતના રોકાણ માટે સમય સારો નથી,સાથીઓને મદદ કરવાથી પ્રસન્નતા વધશે,ટેકનીકલ ક્ષેત્ર સાથે જોડાયેલાને લાભ જણાય

કુંભ (ગ.સ.શ.ષ.),મિત્રો દ્વારા માનસિક વ્યથા અનુભવાશે,પરિવારમાં મોટાની મીઠી નજરથી લાભ થશે,નોકરી-ધંધામાં લાભ થશે,ભાગીદારીથી મનમોટાવ જણાશે

મીન (દ.ચ.ઝ.થ.),વાહન ચલાવવામાં કાળજી રાખવી,વેપાર ધંધામાં મહેનત વધશે,અંગત માણસો સાથે ઉધારીથી બચવું,માનસિક અશાંતિનો અનુભવ થશે

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ત્રણ ઈંચ વરસાદ ખાબકતા નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા





દાહોદ,

દાહોદ જિલ્લાને બાદ કરતા સમગ્ર ગુજરાતને છેલ્લા ચારેક દિવસથી ભારે વરસાદની આગાહી વચ્ચે મેઘરાજા ધમરોળી રહ્યા છે. તેવા સમયે ગતરોજ રવિવારની મોડી સાંજે અંદાજે પોણા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરના નીચાણવાળા વિસ્તારમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા અને હંમેશની જેમ સ્ટેશન રોડ હાઈસ્કુલ પાસે બેટ જેવી સ્થિતિ સર્જાતા એક તરફનો રોડ બંધ કરી દેવાની ફરજ પડી હતી. સાથે સાથે સમગ્ર જિલ્લામાં પણ મેઘમહેર વરસી હતી. ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી મેહુલીયો મનમુકીને વરસી રહ્યો છે. જ્યારે દાહોદ જિલ્લામાં ઓછો વરસાદ થતા ધરતીપુત્રો ચિંતીત બન્યા હતા. ત્યારે ગતરોજ રવિવારે મોડી સાંજે મેઘરાજા સમગ્ર દાહોદ જિલ્લા પર મહેરબાન બન્યા હતા. અને દાહોદમાં માત્ર એકથી દોઢ કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ ભારે પવન સાથે ખાબકાતા કેટલાક વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં આવેલ સોસાયટીઓમાં વરસાદના પાણી ભરાતા લોકો મુશ્કેલીઓમા મુકાયા હતા કેટલાક વિસ્તારોમાં તો લોકોના ઘરોમાં પાણી ભરાતા નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. શહેરના સ્ટેશન રોડ ખાતેના હાઈસ્કુલ તરફનો રોડ જળબંબાકાર થઈ જતા કોઈ હોનારત ન સર્જાય તે માટે પોલીસ દ્વારા તે રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો અને ટ્રાફીકને બીજી તરફ ડાઈવર્ટ કરવામાં આવ્યો હતો. શહેરની તાલુકા પંચાયત કચેરી આગળ રોડ પર ઘુંટણ સમા પાણી ભરાયા હતા. પ્રિમોન્સુન કામગીરીની મોટી મોટી ડીંગો મારતી દાહોદ નગરપલિકાની કામગીરીની એક જ વરસાદે પોલ ખોલી નાખી હતી. શહેરના સ્ટેશન રોડ પર દર વખતે આ પરિસ્થિતી સર્જાય છે. અને તે ન સર્જાય તે માટે પાલિકા દ્વારા દરવખતે કામગીરી કરાય છે. રૂપિયા ખર્ચાય છે પરંતુ પરિસ્થિતીમા કોઈ ફેર ના પડતા પૈસા પાણીમાં જાય છે. આ તે કેવી કામગીરી હાલ બનાવેલા ડામર રોડ પર પણ એક જ વરસાદમાં મોટા મોટા ખાડાઓ પડી જતા તે ખાડાઓ ભ્રષ્ટાચારની ચાડી ખાતા જોવા મળી રહ્યા હતા. ઠેર ઠેર ગટરો પણ ચોકઅપ થઈ જતા વરસાદી પાણીનો નિકાલ અટકી જતા લોકોની મુશ્કેલીઓ વધી હતી.

દાહોદ શહેરની સાથે જિલ્લામા સવર્ત્ર મેઘમેહર વરસી હતી. જેમાં જિલ્લાના ગરબાડામાં – ૧૩ મીમી, ઝાલોદમાં–૨૫ મીમી, દે.બારીયામા ૪૪ મીમી, ધાનપુરમા ૭ મીમી, ફતેપુરામાં ૨૦ મીમી, લીમખેડામાં ૧૨ મીમી, સંજેલીમાં ૪૦ મીમી તથા સીંગવડમા ૨૨ મીમી વરસાદ થયો હોવાના સત્તાવાર અહેવાલ છે. ઝાલોદ નગરમાં એક ઈંચ વરસાદ ખાબકાતા કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા.

## દે.બારીયા તાલુકાની બાકી રહેલી ગ્રામ પંચાયતોની યોજાનાર ચુંટણીને લઈ ઉમેદવારોમાં થનગનાટ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકા ની બાકી રહેલી ગ્રામ પંચાયતો ની ચૂંટણીઓ યોજવાનુ જાહેર થતા ઉમેદવારોની જામી હોડ.

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા તાલુકામાં સામાન્ય/ મદયસત્ર અને પેટા ચૂંટણી યોજવાનુ ટૂંક સમયમાં જાહેર થનાર છે. ત્યારે ગામડાની ગ્રામપંચાયતમાં સરપંચ બનવા માટે કેટલાય ઉમેદવાર અત્યાર થી થનગની રહયા છે.

દેવગઢ બારીયા તાલુકામાં નવીન ગ્રામપંચાયત સહીત બીજી મળીને કુલ ૨૯ જેટલી ગ્રામપંચાયતની ચૂંટણી યોજાનાર છે. જયારે અમુક ગ્રામપંચાયતમાં માત્ર વોર્ડના સભ્યોની ચૂંટણી થનાર છે. દેવગઢ બારીયા તાલુકામાં ગ્રામપંચાયતની વિભાજીત થયેલી નવી બનેલ પંચાયત માં (૧)બારા–કાસટીયા(૨)ગુણા– ગુણા મુવાડી(૩)ઉંચાવન–કોયડા(૪)બૈના –ભૂલવાન(૫)કાલીડુંગરી–કાલીડુંગરી.૨(૬)કુવા–કુવાબોડીડુંગરી(૭)કેલીયા –નાનાકેલીયા(૮)છાસિયા –આમલીપાણી છોતરા(૯)ફાંગિયા–જામરણ(૧૦)લવારીયા –વાવ, ગ્રામપંચાયત નો સમાવેશ થાય છે.જયારે માત્ર વોર્ડ ની ચૂંટણીઓ માં મોટીખજુરી વોર્ડ –૧, ભથવાડા વોર્ડ –૧, રામા વોર્ડ – ૬,સેવનીયા વોર્ડ – ૫, દેવીરામપુરા વોર્ડ –૩, રાણીપુરા વોર્ડ –૭, સાલિયા વોર્ડ – ૨,બામરોલી વોર્ડ – ૪, માંડવ વોર્ડ – ૫ અને ૬, તેમજ ભૂલર વોર્ડ –૨ આમ વિભાજન થયેલી કુલ ૨૦ ગ્રામપંચાયત અને બીજી ૯ એમ કુલ મળીને ૨૯ ગ્રામપંચાયત ની ચૂંટણીઓ ટૂંક સમય માં યોજાશે.

જાહેરનામું આવવા ના દિવસ જેમ જેમ નજીક આવતા જાય છે. તેમ તેમ ગ્રામપંચાયત ની ચૂંટણી માં સરપંચ અને સભ્યો અત્યાર થી પોતાના પ્રચાર અને પ્રસારમાં જોડાઈ ગયા છે. સરપંચના ઉમેદવાર મતદારોને રિઝવવા માટે અવનવી તરકીબ કરી રહયા છે. કેટલાક ઉમેદવાર પોતાની પાસે ટ્રેક્ટર હોય માત્ર ડીઝલ ભરાવી અને ખેતીવાડી પણ મતદારોના મત લેવા માટે કરી રહયા હોવાની ખાનગી માહિતી મળી છે. ગ્રામપંચાયતની આ ચૂંટણીઓ આવનાર વિધાનસભાની ચૂંટણીનુ પણ પરિણામ લાવી શકે છે તે પણ નકકી છે. રાજકીય પક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓ પણ આ ચૂંટણીમાં મહત્વનો ભાગ ભજવશે. ગામડામાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીઓ યોજાય તે માટે વહીવટી તંત્ર પણ અત્યાર થી સજ્જ બન્યું છે.

## ઝાલોદના લીમડી ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ જર્જરીત દયનિય સ્થિતી






દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર જર્જરીત અને દયનીય સ્થિતીમાં છે. આરોગ્ય કેન્દ્રની બિલ્ડીંગ જર્જરીત થઈ ગઈ છે. અહીં દરરોજ સરેરાશ ૧૫૦ થી ૨૦૦ની ઓપીડી રહેતી હોય છે. વળી મધ્યપ્રદેશ અને રાજસ્થાન બોર્ડર હોવાથી અકસ્માતના સમયે આ સી.એચ.સી. નજીક પડતું હોવાથી સારવાર માટે દર્દી અહીં લાવવામાં આવતાં હોય છે છતાંય પુરતી સુવિધા નથી.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગર મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડ ઉપર આવેલું ગામ છે. જેના કારણે આસપાસના લોકોની અવર જવર રહે છે. ખાસ કરીને સાવરા માટે નજીક પડતું હોય દર્દીઓ આવતાં હોય છે. લીમડી પ્રાથમીક આરોગ્ય કેન્દ્રને જેને વર્ષ ૨૦૦૪માં અપગ્રેડ કરી સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું, પરંતુ આજે પણ આ સામુહિક આરોગ્ય કેન્દ્ર જુની જર્જરિત બિલ્ડીંગમાં ચાલતું આવે છે. જેના કારણે જરૂરી સારવાર ન થતાં વધુ સારવાર માટે ના છુટકે દર્દીઓને દાહોદ રિફર કરવામાં આવતાં હોય છે. જો અહીં સુવિધા વધારવામાં આવે તો મોટી સંખ્યામાં દર્દીઓને નજીકમાં જ જરૂરી સારવાર મળી શકે તેમ છે. લીમડી સામુહિક આરોગ્ય કેન્દ્રનું જે બિલ્ડીંગ છે. તે ખુબ જુના વખતનું એટલે કે વર્ષ ૧૯૬૭માં બનાવવામાં આવેલ છે. ત્યારબાદ આ બિલ્ડીંગ સમય જતાં માત્ર રિપેરીગ કરી ચલાવવામાં આવે છે. આજે આ બિલ્ડીંગમાં પોપડા ઉખડી જવા પામ્યાં છે. અહીં દરરોજના સરેરાશ ૧૫૦ થી ૨૦૦ની ઓપીડી રહેતી હોય છે. વળી મધ્યપ્રદેશ અને રાજસ્થાન બોર્ડર હોવાથી અકસ્માતના સમયે દર્દીઓને આ સી.એચ.સી. નજીક પડતું હોવાથી સારવાર માટે દર્દીઓ અહીં લાવવામાં આવતાં હોય છે. ડીલવરીના સમયે પણ મહિલાઓ મોટે ભાગે આ સામુહિક કેન્દ્રમાં આવતી હોય છે, પરંતુ નાનુ બિલ્ડીંગ હોવાથી સારવાર માટે દર્દીઓને ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દર્દીઓને ના છુટકે ઈમરજન્સીમાં અથવા તો ખાનગી હોસ્પિટલનો સહારો લેવો પડે છે અથવા તો દાહોદની હોસ્પિટલ ખાતે જવુ પડતું હોય છે.

## દાહોદ જીલ્લામાં ચાલતા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાને લઈ BTP દ્વારા આવેદન



દાહોદ

તા.૧૧/૦૭/૨૦૨૨ના સોમવારના રોજ દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર ચાલતા ઈંટોના ભટાઓ સામે BTP દાહોદ જિલ્લા પ્રમુખ દેવેન્દ્ર મેડાની અદ્યક્ષતામાં કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રી કચેરી દાહોદ ખાતે કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. જેમાં દાહોદ જિલ્લામાં ચાલતા તમામ ભઠ્ઠાઓની યોગ્ય તપાસ માટે આદેશ કરવામાં આવે જેથી માનવ વસાહત તેમજ પર્યાવરણને થઈ રહેલા નુકશાન પર રોક લાગી શકે તેમજ સરકારની તિજોરીને પણ આ ગેરકાયદેસર ચાલતા કામો થી નુકશાન ના થાય તે માટે જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી થાય તે માટે આવેદનપત્ર આપવામાં આવ્યું. તેમાં BTP, BTTS દાહોદ જિલ્લાના તમામ તાલુકાના હોદ્દેદારો હાજર રહ્યાં.

## દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા ખાતે શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લા ના ધાનપુર તાલુકા ખાતે આવેલી એકલવ્ય આશ્રમ પીપેરો ખાતે શૈક્ષિક મહાસંઘ ધાનપુરની કારોબારી બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે સંઘના સદસ્યો તેમજ શિક્ષકો હાજર રહયા હતા.

જેમાં સદસ્યતા અભિયાન,આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનું પૂર્વ આયોજન,ગુરૂ વંદના કાર્યક્રમનું પૂર્વ આયોજન કરવામાં આવ્યું.

ઉપરાંત જયદિપ ખાંટને રાજ્ય કારોબારી, બાબુ પટેલ તથા મહેશભાઈને તાલુકા ઉપાદયક્ષ, મહેન્દ્રભાઇ, મુકેશભાઇ, શૈલેશભાઇને જિલ્લા કારોબારી તથા સુરેશભાઇને આંતરિક ઓડિટર અને કૌશિક દેસાઈને પ્રચાર પ્રસાર મંત્રી તરીકે નિમણુંક આપવામાં આવી હતી.

## દાહોદ પડાવ વિસ્તારમાં ફોર વ્હીલ ચાલકે બાઈકને અડફેટમાં લેતા એક વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ શહેરના પડાવ વિસ્તાર ખાતે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે એક મોટરસાઈકલ પર સવાર બે વ્યકિતઓને અડફેટમાં લેતાં બે પૈકી એકનું મોત નીપજ્યાંનું જ્યારે એકને શરીરે ઈજાઓ પહોંચતાં સારવાર હેઠળ ખસેડાયાનું જાણવા મળે છે.

ગત તા. ૯મી જુલાઈના રોજ દાહોદ શહેરના પડાવ ઓવર બ્રીજ ઉપર સુરેશભાઈ સુરસિંગભાઈ ચૌહાણ (રહે. બહેડવા, ખેડા ફળિયું, અલીરાજપુર, મધ્યપ્રદેશ) નાએ પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતં હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે અને મુળ જુનાગઢ ખાતે રહેતાં દેવાંગભાઈ ભરતભાઈ ગોહીલ અને રવિ અતુલભાઈ ભીમજીયાણીની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે દેવાગભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. જયારે રવિભાઈને શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચતાં તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે રહેતાં સાવ મનોજભાઈ ગોધાસરાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત વિવિધ ગામોમાં ભવાઈના માધ્યમથી લોકોને વિવિધ યોજનાઓથી માહિતગાર કરાયા




દાહોદ,

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત આજે દાહોદ, ઝાલોદ અને લીમખેડાના વિવિધ ગામડાઓમાં રથે પરિભ્રમણ કર્યું હતું. અહીંના વિવિધ ગામોમાં યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વંદે ગુજરાત વિકાસ રથનું ભવ્ય સ્વાગત કરાયું હતું. ગ્રામજનોને ભવાઈના માદ્યમથી સરકારની વિવિધ યોજનાઓની માહિતી પણ અપાઇ હતી. સાથે ઉપસ્થિત મહાનુભાવોએ પણ લોકોને યોજનાઓથી માહિતગાર કર્યા હતા. આજે વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત દાહોદનાં વડબારા, કઠલા, ઈટાલા, ગમલા સહિતના ગામોમાં, ઝાલોદ નગરપાલિકા, બાજરવાડા, લીમખેડાના મંગળમહુડી ખાતે વિકાસ રથ પહોચ્યો હતો અને કાર્યક્રમો યોજાયા હતા. અહીં ગ્રામજનો ઉત્સાહભેર વંદે ગુજરાત વિકાસ યાત્રામાં સહભાગી થયા હતા. ગ્રામજનોએ રથ સાથેની વિકાસયાત્રાની ફિલ્મને રસપૂર્વક નિહાળી હતી.

ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવા કાર્યક્રમ સ્થળે ભવાઇના કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. ભવાઈના માદ્યમથી રંગલા રંગલીએ રસપ્રદ શૈલીમાં ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પણ ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. કાર્યક્રમ સ્થળે લાભાર્થી નાગરિકોને સરકારની યોજનાઓના લાભ પણ વિતરિત કરાયા હતા. મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.

## દાહોદ સીટી ગ્રાઉન્ડ પાસે પાર્ક કરેલ મોપેડની ચોરી

દાહોદ,

દાહોદ શહેરના સીટી ગ્રાઉન્ડ ખાતેથીટુ વ્હીલર એક્ટીવા મોપેડ કોઈક અજાણ્યા ચોર ઈસમો પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી ગયાંનું જાણવા મળે છે.ગત તા. ૦૮મી જુલાઈના રોજ દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે રહેતાં વાલચંદભાઈ કાળુભાઈ બીલવાળ પોતાની એક્ટીવા ટુ વ્હીલર મોપેડ ગાડી લઈ દાહોદ શહેરના સીટી ગ્રાઉન્ડની સામે કોઈક કામ અર્થે આવ્યાં હતાં. જ્યાં તેઓ પોતાની ગાડી લોક મારી પાર્ક કરી હતી. આ ગાડીની કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે વાલચંદભાઈ કાળુભાઈ બીલવાળે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કૂલનું ગૌરવ

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કુલ અને એસ.એમ કુંદાવાલા હાયર સેકન્ડરી સ્કુલ દાહોદ માટે ગૌરવ પ્રદ જિલ્લા વહીવટી તંત્રની ઉમદા પહેલ એકલવ્ય પ્રયાસ અંતર્ગત દાહોદના વિદ્યાર્થીઓ ની નીટ અને જેઈઈ ની પરીક્ષા માટે નિશુલ્ક અને ગુણવત્તા સભર કોચિંગની પ્રથમ બેચનો અભ્યાસ કાર્ય પૂર્ણ થતા સન્માન સમારોહ સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં જીવ વિજ્ઞાન વિષયના શિક્ષક કમલેશ ડી લીમ્બાચીયા ,રસાયણ વિજ્ઞાનના શિક્ષક ઉમંગભાઈ દરજી અને ભૌતિક વિજ્ઞાન વિષયના શિક્ષક એમ કે ફળદુ નું જિલ્લા સમાહતો ડો. હર્ષિત ગોસાઈ , જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી હસ્તે, જગદંબા પ્રસાદ, ગૌરવ જોશીની હાજરીમાં સર્ટિફિકેટ અને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું શાળાના શિક્ષકોને મળેલ સન્માન માટે શાળાના ઈ. આચાર્ય આર એસ પટેલ, શાળાના કન્વીનર અસગરી મખરીયા, શાળાના સ્ટાફ મિત્રો અભિનંદન પાઠવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.271

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર

# ગોધરા શહેરમાં માત્ર ૨ કલાકમાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો


મેશરી નદીનો પટ વિસ્તાર


શિવ શક્તિ સોસાયટી (વાવડી બુઝર્ગ)


ભુરાવાવ વિસ્તાર


ગોધરા રેલવે સ્ટેશનના રેલવે ટ્રેક પર પાણી ભરાતા ૫ થી ૬ ટ્રેનનો રેલવે વ્હવાર ખોરવાયા

ગોધરા શહેરમાં મોડી સાંજે મેઘરાજાની પધરામણી થઇ હતી, માત્ર બે કલાકમાં ગોધરા શહેરમાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો હતો, બીજી તરફ ૬ ઈંચ વરસાદને પગલે ગોધરા શહેરના મોટાભાગના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, અત્રે નોંધનીય છે કે ચાલુ વર્ષે સીઝનનો રેકોર્ડ બ્રેક સોમવારની સાંજે માત્ર બે કલાકમાં ખાબક્યો.

## ખાખીની ખુમારી સેગવા આઉટ પોસ્ટ સ્ટાફે માર્ગના ખાડા પૂર્યા



ગોધરા,

સેગવા આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ સહિત ત્રણ કોન્સ્ટેબલ દ્વારા પોતાની ફરજની સાથો સાથ સેગવા થી પોઇચા જવાના મુખ્ય માર્ગ ઉપર પડેલાં ખાડાઓમાં માટી મેટલ નાખી ખાડાઓ પૂરવાની કરેલ પ્રસંશનિય કામગીરીને માર્ગ ઉપર થી પસાર થતાં રાહદારીઓ તેમજ વાહન ચાલકોએ બિરદાવી હતી.

સામાન્ય રીતે લોકો પોલીસ થી દુર રહેતાં હોય છે અથવા તો પોલીસ ની ખોટી કનડગતની ફરિયાદ કરતાં હોય છે. આમ, તો પોલીસ કડક મિજાજમાં રહેતી હોય છે.પરંતુ શિનોર પોલીસ મથકના તાંબા હેઠળના સેગવા આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ રાઠવા, પોલીસ કોન્સ્ટેબલ સુભાષ બારીયા, પોલીસ કોન્સ્ટેબલ દિલીપ રાઠવા અને પોલીસ કોન્સ્ટેબલ મનીષ વસાવા દ્વારા પોતાની ફરજની સાથો સાથ વડોદરા અને નર્મદા જિલ્લાને જોડતાં રંગસેતુ બ્રિજ પાસે શિનોર તાલુકાની હદમાં આવેલા મુખ્ય માર્ગો પર પડેલાં ખાડાઓમાં આજરોજ ચાલુ વરસાદે માટી મેટલ નાખી ખાડાઓ પૂરવાનો એક નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો હતો. તે દરમ્યાન માર્ગઉપરથી પસાર થતાં રાહદારીઓ તેમજ વાહન ચાલકોએ સેગવા આઉટ પોસ્ટના હેડ કોન્સ્ટેબલ સહિત ત્રણ પોલીસ કોન્સ્ટેબલો દ્વારા પોતાની ફરજની સાથો સાથ ચાલુ વરસાદે માર્ગ ઉપર પડેલાં ખાડાઓ પૂરવાની કરાઈ રહેલી પ્રસંશનિય કામગીરીને બિરદાવી હતી.

## હાલોલના દાવડા પાસે ભુર્ગભ ગટર લાઈનના ખાડામાં દુધ ભરેલ ટેન્કર ફસાતા પલટયું દુધ રોડ ઉપર રેલાયું




હાલોલ,

હાલોલ કંજરી રોડ ઉપર દાવડા નજીક દુધ ભરેલ કન્ટેનર ભુર્ગભ ગટરના ખાડામાં ફસાઈ જતાં પલ્ટી ખાઈ ગયું. કન્ટેનર માંથી દુધ રોડ ઉપર રેલાયું હતું. હાલોલ નગરમાં ભુર્ગભ ગટર લાઈનને લઈ વાહનો ફસાવવાનો સીલસીલો યથાવત રહેતા નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલોલ નગરમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી નગરજનો માટે માથાના દુઃખાવો બની છે. રોજબરોજ ભુર્ગભ ગટર લાઈન માટે ખોદકામ કર્યા બાદ યોગ્ય પુરણ નહી કરવામાં આવતાં વાહનો બેસી જવાની ઘટના અવારનવાર સોમ આવતી હોય છે. આજરોજ કંજરી રોડ ઉપર દાવડા નજીક દુધ ભરેલ ટેન્કર ભુર્ગભ ગટર લાઈન ખોદેલા ખાડામાં ફસાયું હતું અને કન્ટેનર રોડ ઉપર પલ્ટી જતાં ટેન્કર માંથી દુધ રોડ ઉપર રેલાયું હતું. હાલોલમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી કરતાં કોન્ટ્રાકટરની બેદરકારીના ભોગ વાહન ચાલકો તેમજ નગરજનો બની રહ્યા છે. જેને લઈ નગરજનોમાં ભુર્ગભ ગટર લાઈનની કામગીરી કરતાં કોન્ટ્રાકટર સામે ભારે રોષ જોવા મળ્યો.

## ઘોઘંબાના ઘનેશ્વર રોડ ઉપર કોતરના ઘસમસતા પ્રવાહમાં ઈકો ગાડી તણાઈ જતાં ચાલકનું મોત



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં ગતરોજ ભારે વરસાદને લઈને નદી નાળા છલકાયા હતા. ઘનેશ્વર રોડ ઉપર આવેલ કોતર માંથી ઘસમસતા પાણીના પ્રવાહમાં રાત્રીના સમયે પ્રસાર થતી ઈકો ગાડી કોતના પાણીમાં ઉતરી જતા ભારે જહેમત બાદ ઈકો ગાડીના ચાલકનો મૃતદેહ મળી આવ્યો.

પંચમહાલ જીલ્લામાં ગતરોજ તમામ તાલુકામાં સાર્વત્રિક વરસાદ પડયો હતો. તેમાં પણ જાંબુઘોડા અને ઘોઘંબા તાલુકામાં ધોધમાર વરસાદ વરસતા નદી, નાળાઓમાં નવા ઘસમસતા નીર આવ્યા હતા. ઘોઘંબાના ઘનેશ્વર રોડ ઉપર આવેલ કોતરમાં ઘસમસતા પાણીના પ્રવાહમાં રાત્રીના સમયે પ્રસાર થતી ઈકો ગાડી ભારે પ્રવાહને લીધે કોતરમાં ઉતરી ગઈ હતી. જેમાં ઈકો ગાડી પાણીના પ્રવાહમાં ગાડી તણાઈ ગઈ હતી. ઈકો ગાડી કોતરમાં તણાઈ જવાની ઘટનાને લઈ રાજગઢ પોલીસ રાત્રિના રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી યુવાનને શોધવા પ્રયાસો શરૂ કરાયા હતા. જેમાં પાંચ કલાકની ભારે જહેમત બાદ ઈકો ચાલક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. રાજગઢ પોલીસે મૃતદેહને ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## વાડીનાથમાં માલધારીના ૨૨ દુધાળા પશુઓના મોત ૧૪ લાપતા



ઘોઘંબા,

ઘોઘંબામાં બારે મેઘ ખાંગા થયા છે. ત્યારે વાડીનાથ ગામ એ બુટાભાઈ ભરવાડે કોતરની સાઈડમાં રાત્રિના સમયે દુધાળા પશુ બાંધ્યા હતા. તેજ રાત્રે પુષ્કળ પ્રમાણમાં વરસાદ થતા કોતરમાં પુર આવ્યું હતું. જેમાં ૨૨ જેટલા દુધાળા પશુઓના મોત નિપજ્યા હતા. તેમજ અન્ય પશુઓ લાપતા બન્યા હતા. એક સાથે ૨૨ પશુના મોત થી ચકચાર મચી જવા પામી હતી. ત્યારે પશુપાલન ઉપર નભતા માલધારીના માથે આભ તૂટી પડયું હતું. પોતાના પરિવારની જેમ ગાયોની સેવા કરતા માલધારી એ પોતાના પરિવારજનો ગુમાવ્યાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. ઘોઘંબામાં મુશળધાર વરસાદ થતા ભારે નુકસાન થવા પામ્યું છે. ત્યારે એક સાથે ૨૨ પશુઓના મોત થી માલધારીને લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે.

## પંચમહાલ અને દાહોદ જીલ્લાના દિવ્યાંગ ઉમેદવારો માટે ઔદ્યોગિક એકમો ખાતે ખાસ રોજગાર ભરતી મેળા યોજવામાં આવ્યા



ગોધરા,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી ગોધરા અને ઔદ્યોગિક એકમોના સંયુક્ત ઉપક્રમે પંચમહાલ અને દાહોદ જીલ્લાના ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને રોજગારીની તકો મળે તે માટે ખાસ રોજગાર ભરતી મેળા યોજવામાં આવ્યા. જેમાં તા.૦૬.૦૭.૨૦૨૨ ના રોજ એમ.જી.મોટર ઈન્ડિયા પ્રા.લી, હાલોલ, તા.હાલોલ ખાતે હાજર રહેલ ૨૪ દિવ્યાંગ ભાઈઓ માંથી ૦૬ દિવ્યાંગ ભાઈઓની કોમ્પ્યુટર ઓપરેટર, હેલ્પર, હાઉસ કીપિંગ અને ગાર્ડનીંગ જેવી જગ્યા પર પસંદગી કરવામાં આવી. તા.૦૭.૦૭.૨૦૨૨ ના રોજ ગુનેબો ઈન્ડીયા પ્રા.લી, હાલોલ, તા.હાલોલ ખાતે હાજર રેહલ ૨૬ દિવ્યાંગ ભાઈઓમાંથી ૧૦ દિવ્યાંગ ભાઈઓની ઓપરેટર, હેલ્પર, ગાર્ડનીંગ, હાઉસ કીપીંગ જેવી જગ્યા પર પસદગી કરવામાં આવી. તેમજ તા.૧૧ .૦૭.૨૦૨૨ના રોજ સીએટ લી. ચંદ્રાપુરા હાલોલ ખાતે હાજર રહેલા ૩૫ દિવ્યાંગ ભાઈ અને બહેનમાંથી ૧૨ દિવ્યાંગ ભાઈ બહેનની હાઉસકીંપીંગ,અને ગાર્ડનીંગ જેવી જગ્યાઓ પર પસંદગી કરવામાં આવી. રોજગાર ભરતી મેળામાં ઉપર જણાવેલ ઔદ્યોગિક એકમો (સંસ્થાઓ) ખાતે તમામ દિવ્યાંગ ભાઈઓ અને બહેનોના ઈન્ટરવ્યું અને રીફ્રેસમેન્ટની સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવેલ હતી. જીલ્લા રોજગાર કચેરી દ્વારા પંચમહાલ જીલ્લાના ૨૭૧ જેટલા અને દાહોદ જીલ્લાના ૧૦૯ જેટલા દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને ભરતી મેળામાં ભાગ લેવા પત્ર અને એસ એમ.એસ અને ઈમેલથી જાણ કરવામાં આવેલ હતી. દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને આગામી દિવસોમાં ઘેર બેઠા રોજગારીનો લાભ લેવા અનુબંધમ પોર્ટલ www.anubandham.gujarat.gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન કરવા અને રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા તેમજ ભરતી મેળામાં રોજગારી મેળવવા માંગતા ન હોય તેઓને ઘેર બેઠા ગામમાં જ સ્વરોજગારી માટે સ્વતંત્ર ધંધો વ્યવસાય કરવા લોન સહાય મેળવવા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગોધરા અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દાહોદની યાદી મુજબના ડોક્યુમેન્ટ સાથે સંપર્ક કરવા જીલ્લા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

## ગોધરા તાલુકાના નદીસર ગામે વિકાસ યાત્રા રથનું પૂજન કરાયું



નદીસર,

ગુજરાત સરકારની વિવિધ સિદ્ધિઓ તેમજ લાભકારી યોજનાની માહિતી માટે યોજેલ વંદે ગુજરાત વિકાસ યાત્રા આજે ગોધરા તાલુકાના નદીસર ગામે આવી પહોંચી હતી. જેમાં નદીસર પ્રાથમિક શાળાની કન્યાઓ દ્વારા રથનું પૂજન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ થકી સૌના દિલ જીતી લીધા હતા. કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધ લાભકારી યોજના વિશે જનતાને માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળા પટાંગણમાં ગોધરા તાલુકાના ટીડીઓ ધર્મિષ્ઠાબેનના હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય અમિત પરમાર, ભાજપ મહામંત્રી કિરીટસિંહ, સરપંચ કાળુભાઈ નાયક, ડે.સરપંચ વી.એલ.બારીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

## પંચમહાલના પાનમ ડેમમાં પાણીના નવા પાણીની આવક થઈ



પંચમહાલના જીવાદોરી સમાન પાનમ જળાશય માં ૩૬ % પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ જળાશય માંથી ૫૬ ગામો તેમજ મહીસાગર, વડોદરા અને પંચમહાલ જિલ્લાના ૧૦૦ વધુ ગામોના ખેડૂતોને સિંચાઈ કેનાલ મારફતે ખેતી માટે પાણી મળતું હોય છે. પાનમ જળાશયના ઉપરવાસમાં સારો એવો વરસાદ થતાં જળાશયમાં ચોમાસાના સિઝનની નવા પાણીની આવક શરૂ થઇ ગઇ હતી. જળાશયની જળ સપાટી ૧૧૯.૨૦ મીટર એ જોવા મળવા સાથે પાનમ જળાશયમાં ધીમે ધીમે નવા પાણીની આવક થઈ રહી છે.

## કે.કે.હાઈસ્કુલ વેજલપુરમાં પંચમહાલ જિલ્લા અનુદાનિત પ્રાથમિક શિક્ષક સંઘની પડતર પ્રશ્નો બાબતે મિટિંગ યોજાઈ



કાલોલ,

કે.કે.હાઈસ્કુલ વેજલપુર ખાતે પંચમહાલ જિલ્લા અનુદાનિત પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વિવિધ પડતર પ્રશ્નો બાબતે યોજાયેલી મિટિંગમાં રાજ્યના પ્રમુખ જાવેદભાઈ શેખ, કાર્યકારી પ્રમુખ ચંદ્રકાન્તભાઈ રોહિત, મહામંત્રી મયુરસિંહ રાઉલજી, વડોદરા જિલ્લાના પ્રમુખ કલ્પેશભાઈ પટેલ, પંચમહાલ જિલ્લા પ્રમુખ ધર્મેશભાઈ પટેલ, મંત્રી દિનેશભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં સળંગ નોકરી, ફાજલનું રક્ષણ, ૪૨૦૦ ગ્રેડ પે જેવા પ્રશ્નો બાબતે હકારાત્મક ચર્ચા થઈ હતી. તેમજ નિવૃત્ત થયેલા શિક્ષિકા મુનિરાબેનનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડી.એમ.પાટીલે કર્યું હતું.